ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્રક્રિયાના પ્રદૂષણમાં ન્યાય ગૂંગળાય છે,*
*સમયની કાંખ ઘોડીથી ન્યાય લંગડાય છે.*
*ફંગોળાય છે સચ્ચાઈ સત્તાની ધક્કામૂકીમાં -*
*દુષ્ટ દુષ્કર્મીથી જીંદગીઓ રગદોળાય છે...*

### હાઈકુ

*દુષ્ટ શેતાનો,*
*મારે તરફડિયાં -*
*જીવવા માટે...*

*પડે છે ટૂંકું -*
*કાયદાનું દોરડું -*
*માંચડે પણ...!*

### ચિંતન

***ધનેનાધમલબ્ધેન યચ્છિદ્રમપિધીયતે ।***
***અસંવૃતં તદ્ભવતિ તતોઽન્યદવદીર્યતે ॥***

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**અધમ માર્ગે મેળવેલ ધનથી જે બુરાઈ છૂપાવવામાં આવે છે, તે અંતે ખૂલી જ જાય છે અને તે ખુલવાથી બીજી બુરાઈ પણ ખૂલી જાય છે.**

**ધનના જોરે બુરાઈ ઢાંકી શકાતી નથી, એક ને એક દિવસ તે બુરાઈ જાહેર થઈને જ રહે છે.**

**કોઈનો વિશ્વાસઘાત કરી, છેતરપીંડી કે ચોરી-છૂપીથી પચાવી પાડેલ કે એકત્ર કરેલ લક્ષ્મી ક્યારેય પણ સુખ આપતી નથી ઉલ્ટું જે કંઈ હોય તે પણ સર્વનાશ કરી લઈ જાય છે.**

**ધન દ્વારા કોઈ બૂરાઈ - પાપ ઢાંકી શકાતાં નથી. અહીં કરેલાં પાપના પરિણામ અહીં જ ભોગવવાં પડે છે.**

### સુવિચાર

- રોકડ ધન અલાઉદ્દીનનો જાદુઈ ચિરાગછે - **હેમંત રાજ**
- જેનો અમલ કર્યા પછી મનને સુખ મળે એ જ સાચી નીતિ - **ફાધર વાલેસ**
- દેહદશા દરેકની જુદી જુદી હોય, મનુષ્ય માત્રનાં પરિણામ જુદાં જુદાં હોય છે આત્મદશા બધાની એક જ પ્રકારની હોય - **આપ્તસૂત્ર**
- ધીરજથી રાહ જોવી એ ઈશ્વરની મરજીને અનુસરવાનો ઉત્તમોત્તમ માર્ગ - **સંત રોબિન**
- સારું પુસ્તક એક મહાન આત્માનું જીવનરક્ત હોય છે - **મિલ્ટન**
- ગામડાહ્યા થવા કરતાં ઘરડાવ્યા થઈએ તે સારું - **સુભાષિત**
- આજનું ઔષધ : મરડામાં છાસમાં મરી પાઉડર નાખીને પીએ તો મરડો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવાન વેપારીને વેપારમાં ખૂબ મોટો ફાયદો થયો. ખૂબ પૈસા આવ્યા એટલે મોટી હવેલી બંધાવી. મોટી દુકાન લીધી. નોકરો બમણાં કર્યા. સમૃદ્ધિ આવતા તેનું અભિમાન પણ વધતું ગયું. નાના માણકો, નોકરો, નાના વેપારીઓનું અપમાન કરતો, હડદૂધ કરવા લાગ્યો. પણ યુવાનના માતા અને પત્ની બંને સાલસ હતા. તેઓ વેપારીને સમજાવતા પણ યુવાન પર તેની કોઈ અસર થતી ન હતી. યુવાન વેપારીની સમૃદ્ધિ સાથે સાથે એનું અભિમાન પણ વધતું જતું હતું. અને ઘરના સૌ નાના-મોટા સભ્યો, કુટુંબીજના, નોકરો, ત્રસ્ત હતા. રોજના ઝઘડાથી કંટાળી ને એક દિવસ તે માતા પાસે ગયો અને કહ્યું, 'મા, આપણું ઘર તો ઝઘડાઓથીન રક સમાન બની ગયું છે. કોઈ દિવસ હું આ બધું છોડીને ક્યાંક દૂર જવા માંગુ છું. શું કરવું કંઈ જ સમજાતું નથી. મેં તો સૌને સુખ-સગવડ આપવામાં કંઈ બાકી રાખ્યું નથી.' માતાએ કહ્યું, 'દીકરા, વાંક તારો જ છે. તું ખૂબ પૈસા કમાયો, સુખ સગવડ સાહ્યબી આપી. સાથે સાથે અભિમાનની ભેટ પણ બધાંને આપી. તેં તારી અંદર અને ઘરના સભ્યોની અંદર અભિમાનનું જે ઝેરી બીજ વાવ્યું હતું, તે આજે વૃક્ષ બની ગયું છે. તેને કારણે જ આપણું ઘર નરક બની ગયું છે.' વેપારીને પોતાની ભૂલ સમજાઈ તેણે કહ્યું, 'હવે હું શું કરું?' માતાએ કહ્યું, 'તું પહેલા અભિમાન છોડ, સાલસ બન. કોઈને અપમાનિત કરવાના નહિ. શાંતિથી વાત સમજાવવા પ્રયત્ન કરવા. તારો સાચો વર્તાવ જોઈને ઘરના અન્ય સુધરશે. જે નહિ સુધરે તેને તુ સમજાવી શકીશ. પણ સૌ પહેલા તું અભિમાન અને તોછડો સ્વભાવ છોડશે તો જ ઘર સ્વર્ગ બનશે.' દીકરાએ માતાની વાત સ્વીકારી અને એ મુજબ જીવવા પ્રતિજ્ઞા કરી.

# દેશભરમાં ભારેલો અગ્નિ ભભૂકી ઊઠ્યો છે

**તંત્રીસ્થાનેથી...**

નાગરિકતા સુધારણા કાયદા વિરુદ્ધ લાંબી રકઝક નહીં થાય એવી સરકારની માન્યતા ખોટી ઠરી છે. અયોધ્યા વિશેના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી અને ત્રિપલ તલાક રદ કરવાથી તથા જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કરવાથી મુસ્લિમ સમાજમાં જાણે-અજાણે એક જબરો ઘૂંઘવાટ સરજાયેલો હતો. સંસદમાં પણ એમનો અવાજ પ્રબળપળે રજૂ કરે એવું પ્રતિનિધિત્વ નહીં હોવાની પ્રતીતિ થતાં આ સમાજના યુવા વર્ગનો આક્રોશ લાગ જોઈને ફાટવાનો જ હતો ત્યાં આ નાગરિકતા ધારો આવી પડ્યો, બેઉ ગૃહોમાં એ પસાર થઈ જતાં મુસ્લિમ નાગરિકોએ એક જબરદસ્ત આંચકો અનુભવ્યો. એ આંચકા પાછળનું તર્કશાસ્ત્ર અભણ મુસલમાનને પણ સમજાય એવું હતું. નવા નાગરિક કાનૂન મુજબ ભારતના પાડોશી ઈસ્લામિક રાષ્ટ્રોમાંથી મુસલમાન સિવાયના હિજરતીઓને વહેલી નાગરિકતા આપવાની જોગવાઈ હતી જયારે મુસલમાનોને એ લાભથી વંચિત રાખી જરૂર પડ્યે તો હાંકી કાઢવાની અથવા જેલમાં પૂરવાની વ્યવસ્થા હતી. આથી દેખીતી રીતે જ માનવીના મનમાં પડેલી પોતાપણાની લાગણી ઉશ્કેરાવાવાની હતી. ક્રિકેટ જેવી રમતમાં પણ અમદાવાદ કે હૈદરાબાદના મુસલમાનને પાકિસ્તાનની ટીમ ભારતીય ટીમ કરતાં વધારે પોતીકી લાગતી રહી છે - તે જાણીતી બાબત છે. કોંગ્રેસના નેતાઓને લઘુમતીને સતત 'પંપાળી' હોય તો એનું કારણ માત્ર વોટબેંક નહીં, પરંતુ એ કોમના વરિષ્ઠ નેતાઓએ અલગ દેશ માગી લીધા પછી પણ વહાલું વતન નહીં છોડી ભારતમાં જ રહી, ભારતના કાનૂનકાયદા અપનાવવાની તૈયારી રાખનારા મુસલમાના ભાઈ-બહેનોને પારકાપણું ના લાગે એવો હેતુ હોઈ શકે. કાળક્રમે એ સમાજને કોંગ્રેસના અભિગમમાં શ્રેય વરતાળું હોય અને તે વોટબેંકમાં ફેરવાઈ ગયો હોય તે શક્ય છે. પરંતુ દેશમાં હિંદુત્વની અહાલેક જગાડનારા જમણેરી પક્ષે બહુમતી વોટબેંક કબજે કરવા માટે એક પછી એક એવા મુદ્દા ઉઠાવ્યા અને એવાં પગલાં ભર્યા જેથી લઘુમતી મુસ્લિમ સમુદાયને એમ લાગવા માંડ્યું કે તેને આ દેશમાં ધીરે ધીરે રેકંટ રેટ સિટીઝનની કક્ષાએ ઉતારી દેવાશે. બાબરી ધ્વંસ પછી અને ગોધરાકાંડ પછીનાં રમખાણો બાદ મુસ્લિમ સમાજ વધુ ને વધુ ભયભીત અને લાચાર બની ગયો હોય એવી પરિસ્થિતિ સરજાઈ, જેમાં મોદી શાસન દરમિયાન બનેલા મોબ લિન્ચિંગ જેવા બનાવોએ બળતામાં ઘી હોમવા જેવું કામ કર્યું. આ તમામ પ્રકારની પૂર્વભૂમિકા પછી નાગરિકતા બિલ આવ્યું જેમાં હકીકતે દેશના મુસ્લિમોને કશું લાગતું વળગતું નહોતું. એમને મળેલા નાગરિક અધિકારો પર ક્યાંક કશી જ તરાપ નહોતી આવવાની : પરંતુ પેલો ભારેલો અગ્નિ ભભૂકવા માટે એકાદ ફૂંકની જ રાહ જોઈ રહ્યો હતો જે આ કાયદાએ પૂરી પાડી છે. હવે ભભૂકી ઊઠેલા જવાળામુખીને ઠારવો એ ઘણું અઘરું બની રહેશે, કારણ કે દેશભરમાં ફેલાયેલ અસંતોષ અને અવિશ્વાસ સામે પોલીસ દળ કે સેનાની શક્તિ વાપરવા જતાં સીધી જ બીજા પાકિસ્તાનની માગણી થવાની સંભાવના રહેલી છે. ઉત્તરપૂર્વ હિજરતી હિંદુ વસતિનો વિરોધ કરી રહેલ છે, અને એ જ મુદ્દે તે પણ દેશ અલગ થવાની માગણી કરી શકે છે. વિભાજનની પ્રક્રિયા અને પીડામાંથી એક વાર પસાર થઈ ચૂકેલા દેશને આવાં જોખમ પોસાય નહીં. સરાકરે બહુ જ વિવેક અને સંયમપૂર્વક વર્તવું પડશે.

# શર્મ ઔર લજ્જા તો ઔરત કા ગહના હોતા હૈ



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**શર્મ ઔર લજ્જા તો ઔરત કા ગહના હોતા હૈ**

**- હાઉસફુલ**

**ઇ.સ. ૨૦૧૦માં આવેલી હાઉસફૂલ ફિલ્મનું દિગ્દર્શન સાજીદ ખાને કર્યુ હતુ. અને આ ફિલ્મ હાઉસફૂલ માળાનો પ્રથમ મણકો હતો. અને આ મલ્ટીસ્ટારર ફિલ્મમાં અક્ષય કુમાર,દીપિકા પાદુકોણે, રીતેશ દેશમુખ અર્જુન રામપાલ, જીઆ ખાન તથા બમન ઇરાની સહિતના કલાકારોનો કાફલો હતો. ફિલ્મમાં આ સંવાદ જીઆ ખાન દ્વારા બોલવામાં આવ્યો છે. અને આ ફિલ્મના સંવાદ અન્વિતા દત્તાએ લખ્યા હતા.**

**આમ તો આ સંવાદ અગાઉ ઘણી બધી ફિલ્મોમાં આવી ગયો છે, અને આ સનાતન સત્યને ઘણા કલાકારોએ ઉચ્ચાર્યુ છે. 'કથાલા કથાલા' નામક તમિલ ફિલ્મ પરથી આ ફિલ્મ બની હતી.આ તમિલ ફિલ્મ ૧૯૯૮માં સંગીતમ શ્રીનિવાસ રાવ દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મની વાર્તા કમલ હસને લખી હતી. અને અભિનય પણ કર્યો હતો. પ્રભુદેવા,સૌંદર્યા,રંભા જેવા કલાકારો સાથે આ ફિલ્મ ત્યારની સુપર હીટ ફિલ્મ બની રહી હતી.**

**॥ સ્ત્રીણાં ભૂષણં લજ્જા ॥**

**- ચાણક્ય સૂત્રનીતિ**

**ચાણક્ય સૂત્રનીતિ નામક આ ગ્રંથમાં જ સનાતન વાત કરવામાં આવી છે, તે આશરે બીજી કે ત્રીજી શતાબ્દીમાં રચાયેલા આ ગ્રંથમાં કહેવાઈ છે. નારીનું આભૂષણ લજ્જા જ છે, તે વાત દરેક સમયમાં જુદા જુદા સંદર્ભમાં કહેવામાં આવી છે. અમીટ સત્ય એ જ હોય છે,જે ક્યારેય ધુંધળુ ન થાય.**

- jayuoza@gmail.com
Mo.9898046488

# ગુજરાતી 'ભાષાકીય કાર્યશાળા'નું આયોજન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વ્યક્તિ વિકાસને ખીલવતી, માતૃભાષા પ્રેમીઓના પ્રાણસમી, ગુજરાતી ભાષાના સત્ત્વને તથા તત્ત્વને જાણવા, માણવા અને ગરવી ગુજરાતી માતૃભાષાના ગૌરવને અખંડિત રાખવા, જરૂરી એવા વ્યાકરણ અને ભાષાશાસ્ત્રની સમજૂતિ અર્થે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતા કાર્યક્રમો અંતર્ગત; પાટનગર, ગાંધીનગરના ભાષાપ્રેમી વિદ્યાર્થીઓ અને સાધકો માટે, સેકટર-૨૮ની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે, ચિલ્ડ્રન યુનિ. અને 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સહયોગથી તા. ૧૯-૧૨-૨૦૧૯ થી તા. ૨૭-૧૨-૨૦૧૯ સુધી, ગુજરાતી 'ભાષાકીય કાર્યશાળા' નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળામાં ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ હર્ષદભાઈ શાહ અને અન્ય ભાષાવિદો - ઉમાકાન્તભાઈ રાજયગુરુ, કલ્પેશ પટેલ, જેઠાભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહી ભાષાકીય માર્ગદર્શન આપશે તથા લેખનકાર્ય કરાવશે.'

● સાહિત્ય એકેડમી સંસ્થા દ્વારા, ૨૩ ભાષાઓમાં યોગદાન આપનારને પુરસ્કાર આપવામાં આવે છે, તે અંતર્ગત, કોંગ્રેસ સાંસદ અને પૂર્વ કેન્દ્રિય મંત્રી શશિ શરૂરને સાહિત્યની દુનિયામાં મોટું ગણાતું સન્માન, તેમના દ્વારા, બ્રિટીશકાળ પર લખેલ પુસ્તક 'એન ઈરા ઓફ ડાર્કનેસ' (૨૦૧૬) માટે પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# વૃધ્ધાવસ્થા : મંગળમય યાત્રાનો એક સ્વાભાવિક પડાવ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ગાંધીનગર આમ તો સરકારી નોકરી કરનારા લોકોનું નવું વસાવેલું નગર છે. અમદાવાદથી રાજયનું સચિવાલય ખસેડવાનું નક્કી થયું ત્યારે ગાંધીનગરને વસાવવા માટેની ઉચિત જગાની શોધ નિષ્ણાતોએ કરી. આજની સ્થિતિમાં જોઈએ તો હવે માત્ર સરકારી બાબુઓના નગરની વ્યાખ્યામાં આ શહેરને બાંધી શકાય તેવું નથી. અનેક જાણીતી શૈક્ષણિક સંસ્થાઓને કારણે આ નગર પચરંગી બની ગયું છે. તેમ થવું તે વિકાસની પ્રક્રિયામાં સ્વાભાવિક છે. અહીંની એક વિશિષ્ટ વાત પણ પેન્શન વિભાગ સંભાળતા એક અનુભવી અધિકારીએ કરી. તેમણે કહ્યું કે થોડા વર્ષો પહેલા પેન્શન મેળવતા હોય અને ૮૦ વર્ષની વય વટાવી ગયા હોય તેવા જૂજ લોકો હતા. અમે તેમને નામથી ઓળખતા હતા. તેઓ કહે કે આજે આ સ્થિતિ નથી. ૮૦ + ઉમ્મરના અનેક લોકો પેન્શન મેળવે છે. આથી જેટલા લોકો સક્રિય સેવામાં છે તેટલાજ કે તેથી થોડા ઓછા – વધારે લોકો પેન્શન મેળવે છે ! આથી એક વાત સ્પષ્ટ છે કે જીવનની સંધ્યાએ પહોંચેલા આ મોટા સમૂહની જરૂરિયાતોનો વિચાર માત્ર ગાંધીનગરમાંજ નહિ પરંતુ સમગ્ર દેશ કે રાજ્ય માટે કરવાની જરૂર છે. પ્રયાસો થયા નથી તેમ કહેવું ઉચિત્ નહિ ગણાય. પરંતુ ઢરૂદ્રછૈંઝ અને સૈંન્રૂ ૐઈદ્રઈઈઈઢ બાબત હોવાથી આ સમસ્યાનો સતત અભ્યાસ થવો જરૂરી છે. ઉમ્મરલાયક વ્યકિતઓની આવકના નિશ્ચિત સ્ત્રોત એ મહત્વનું છે પરંતુ તેનાથી ઈતિશ્રી આવી જતું નથી. આર્થિક સમસ્યાઓ સિવાયના પણ અનેક પ્રશ્નો અંગે સમાજ સતત વિચારતો રહે તે કદાચ સમયનો તકાજો છે. જીવનના અઠ્ઠાવન વર્ષ પૂરા થયા પછી વિદુષી મીરાબહેન ભટ્ટ (ભાવનગર) લખે છે : "મને અઠ્ઠાવન પૂરા થયા. જેમ જેમ જીવનની ગહન ગહરાઈઓમાં ઊંડા ઊતરતા જવાનું સૌભાગ્ય સાંપડે છે તેમ તેમ જીવન એનું અભૂતપૂર્વ સૌંદર્ય, માધુર્ય તથા ચૈતન્ય પ્રગટ કરતું રહે છે. મુખમાંથી શબ્દો સરી જાય છે – જીવન એક અદ્દભૂત ચીજ છે." મીરાબહેનની વાત યથાર્થ છે. આમ તો શ્વાસ ઉશ્વાસનો નિયત ક્રમ પૂરો કરે તેને પણ જીવતર પૂરું કર્યું ગણાય. પરંતુ રવિશંકર મહારાજ જેવું 'ઘસાઈને ઉજળા થનાર લોકોના જીવતર અનેક લોકો માટે પ્રેરણારૂપ બની રહે છે. જેઓ ઉમ્મરની વૃધ્ધિ સાથે મનગમતી પ્રવૃત્તિઓમાં રમમાણ રહ્યા છે તેમને વૃધ્ધાવસ્થા કદાચ બહુ પરેશાન કરતી નથી. નગીનદાસ સંઘવી જેવા લોકોને વર્તમાનકાળમાં પણ આપણે જોઈએ છીએ. શતાયુના સીમાડે પહોંચીને પણ તેઓની મૌખિક તેમજ લેખિત અભિવ્યકિત આરપાર જાય તેવી મૌલિક અને સ્પષ્ટ છે. વિશ્વકોશમાં ધીરૂભાઈ ઠાકર સાહેબને મળવાનું થતું હતું. જીવનની સંધ્યાએ પણ વિશ્વકોશના રથને આગળ ખેંચવામાં તેમના મુખેથી ઉમ્મરની મર્યાદાની વાત સાંભળી નથી. સાક્ષર ધીરુબહેન પટેલ જેવા લોકો પણ ઉમ્મરની આંટીઘૂંટીઓની મર્યાદાને અતિક્રમીને જ્ઞાન ઉપાર્જનનો યજ્ઞ જીવંત અને જ્વલંત રાખીને બેઠા છે. સરકારી સેવાના અમારા મુરબ્બી પ્રવિણભાઈ લહેરી જીવનના સાડા સાત દાયકા પૂરા કરીને સોમનાથ મંદિરના સંચાલનમાં અનેક જન ઉપયોગી સુધારાઓ કરાવી રહ્યા છે. મનગમતી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવાની આ કળા શીખવા જેવી છે. ચરૈવેતી – ચરૈવેતીની શાસ્ત્રોક્ત સલાહ પણ આજ બાબતનો પડઘો પાડે છે. ગતિમાન લોકો જીવનનો લહાવો લઈ શકે છે તેવી વાત મરીઝ સાહેબે પણ લખી છે :


જીવનમાં છે લહાવો
કદમ પર કદમ પર,
શરત ફક્ત એટલી કે
ગતિમાન રહેવું.

મીરાંભટ્ટ વૃધ્ધાવસ્થાને જીવન મંદિરનો સુવર્ણ કળશ ગણાવે છે. વૃધ્ધાવસ્થા એ જીવન આયખામાં વૃધ્ધિના વર્ષો છે. જીવનના અનેક અણખેડ્યા પ્રદેશોની યાત્રા કરવાનો પણ એક મજબૂત વિકલ્પ સૌને સુલભ છે. મિત્રો તથા સ્નેહીઓ સાથેનો જીવંત સંપર્ક એ જૈફવયનો આધારભૂત ઉપાય છે. આમ છતાં એકલતાના ભયને પણ દૂર રાખવાની ટેવ કદાચ આવનારા દિવસોમાં વિશેષ ઉપયોગી પુરવાર થશે. આપણે આપણી જાત સમક્ષ એકલા ખડા રહેવાની હિંમત કેળવવી પડશે. આધુનિક યુગના ટીવી–ઈન્ટરનેટ તથા મોબાઈલ જેવા સાધનોને કારણે જીવવાનું વિશેષ સુલભ તથા સગવડપ્રદ બન્યું છે. આધુનિક ઉપકરણોથી ડરવા કે તેની વણસમજી ટીકા કરવાનું વલણ છોડવાની પણ જરૂર છે. પરદેશમાં સ્થાયી થયેલા પ્રિયજનો સાથે સંપર્કમાં રહેવાની ઉત્તમ તથા આધારભૂત વ્યવસ્થા આજે સહેજે ઉપલબ્ધ બની છે. ઉપરાંત આ વ્યવસ્થા ખર્ચાળ નથી. ગૂંચવણભરી પણ નથી. આ વ્યવસ્થાના સમુચિત ઉપયોગથી સંપર્કની ગમતી ક્ષણોનો લહાવો ઘેર બેઠા લઈ શકાય છે. મહદ અંશે પશ્ચિમના દેશોમાં જેનો વિચાર તેમજ વિકાસ થયો છે તેવી આ સાર્વજનિક સુવિધાઓએ આપણાં જીવન વ્યવહારમાં ઘણાં ગુણાત્મક પરિવર્તન કર્યા છે.

જીવનની સંધ્યાએ કર્મઠતા તેમજ હળવાશ સુપ્રસિધ્ધ ફોટોગ્રાફર હોમાઈ વ્યારાવાલામાં પણ જોવા મળતી હતી. જીવનના નવ દાયકા વટાવી ગયેલા હોમાઈબહેને અમદાવાદના સરદાર સ્મૃતિ ભવનમાં સરસ વાત કરી હતી. પંડિત જવાહરલાલ નહેરુ તથા તેમની સમગ્ર કેબીનેટના ફોટા પાડનાર હોમાઈને સરદાર સાહેબનું પણ પ્રોત્સાહન મળ્યું હતું. હોમાઈબહેને વાત કરી કે ત્રણ-ચાર વર્ષ પહેલાં તેઓએ કોઈ રાજકીય આગેવાનની તસવીર દિવાળીના સમયમાં ખેંચી હતી. આગેવાન તેમનાથી ઉમ્મરમાં વીસેક વર્ષ નાના હતા. ફોટો પાડવાની વિધિ પૂરી થયા બાદ નેતાજીએ હળવાશથી થોડી મજાક કરી. હોમાઈબહેનની જૈફ ઉમ્મરના સંદર્ભમાં તેમણે બહેનને કહ્યું : "આવતી દિવાળીએ પણ તમે મારી તસવીર ખેંચી શકો તો મને આનંદ થશે." હોમાઈબહેને તરતજ ફટકાર્યું : "હાજી, આપ સ્વસ્થ હશો તો તેમ જરૂર કરીશું !" હળવાશમાં પણ કેવો શ્રધ્ધાયુકત તથા વિધેયક અભિગમ ! જીવનના ચઢાવ – ઉતારના તબક્કા તો ગમે તે કાળે આવી શકે છે. તેને ઓળંગી જવાની સ્વસ્થતા કેળવવામાંજ જીવનની સાર્થકતા છે. મંગળમય જીવનની મંગળમય દ્રષ્ટિ થકીજ મંગળયાત્રા આગળ ધપતી રહેશે.

શુભ મંગલ હો, શુભ મંગલ હો,
શુભ મંગલ મંગલ મંગલ હો.
ગતિ મંગલ હો, પ્રીતિ મંગલ હો,
માનવ કી હર કૃતિ મંગલ હો !

# સાધન સરંજામ : બાપુના કાયમના સાથી





**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધી પોતાનો સામાન ખૂબ જ ઓછો રાખતા હતા. ટાંચા સાધનોથી ચલાવી લેવું એ બાપુનો સ્વભાવ હતો. જો સાધન સામાન ઓછો હોય તો બીજાને તકલીફ પણ ઓછી થાય એ વિચાર પણ એમાં જોડાયેલો રહેતો હતો. ભારતના ગામડાઓના વિકાસ માટે કાર્યકરોની ખાસ જરૂર છે એવું જયારે બાપુને સમજાયું ત્યારે તેમણે તેમના બધા સાથીઓને જુદા જુદા ગામડાઓમાં ગ્રામ વિકાસના રચનાત્મક કાર્યોમાં લગાવી દીધા હતા. એટલે એમની સાથે રહેતા સાથીઓ પણ સાવ ઓછા થઈ ગયા હતા. અને બાપુનું કામ તો ઘણું બધું રહેતું હતું. પણ સાથીઓ ઓછા હતા. બાપુના તમામ કામો માટે જરૂરી હતા છ કાર્યકરો પણ બધા જ સાથીઓને જુદા જુદા કામમાં પરોવી દેવાયા હોઈ બાપુ પાસે બે જ સાથી હતા દરેક કામ માટે. એક બંગાળી બાબુ નિર્મલ દા અને બીજા તે પોતે બાપુ.

નિર્મલ બાબુને અંગ્રેજી અને બંગાળી સિવાય બીજી ભાષાની જાણકારી ન હતી એટલે સૌથી વધુ કામ બાપુને ભાગે જ રહેતું હતું. અખબારો માટે લખેલી સ્ક્રિપ્ટ પણ તેમણે જ તપાસવી પડતી હતી. અને સૌથી મુશ્કેલ કામ તો બાપુને જ જોવું પડતું હતું. એ કામ એટલે રોજેરોજ તેમનો જ સામાન તેમને બાંધવો પડતો હતો. મનુબેન તેમની ડાયરીમાં નોંધે છે : એક જ વાર જો ઘર ફેરવવું પડે તો ય કેટલો કંટાળો આવે છે.' અને બાપુનો સામાન તો રોજ રોજ ફેરવવાનો. આ સામાન બાંધવામાં તકેદારી મનુબેનને રાખવાની રહેતી હતી. કહો કે સૌથી મુશ્કેલ કામ મનુબેનના માથે હતું.

**બાપુનો ઉતારો મહેલમાં હોય કે ઝૂંપડામાં તેમની ચીજવસ્તુઓનો સામાન સાથે જ રહેતો**

આપણને એમ થાય કે બાપુને વળી સામાન શેનો ? અને હોય તોય કેટલો હોય ? આ સ્વાલ સ્વાભાવિક થાય પણ બાપુના સામાનની યાદી આપણે જોઈએ તો ખ્યાલ આવશે કે કોઈના ઉપર બોજારૂપ ના બનાય તે માટે મહાત્મા ગાંધી કેવો સામાન તેમની સાથે રાખતા હતા. આમ તો બાપુની સાથે જરૂરી ચીજો જ રહેતી હતી પણ કોઈને તેમનો ભાર સહન ન કરવો પડે એ બધી વસ્તુઓની યાદી જોઈએ તો માત્ર જરૂરી ચીજવસ્તુઓમાં માત્ર કાગળ, પેન્સિલ, જ નહોતા રહેતા. તેમની સાથે કાગળ પેન્સિપ ઉપરાંત સોય દોરાથી માંડીને રાંધવા માટે કૂકર, પાટલી, વેલણ, તવી, સાણસી, ચીપિયો, બ તપેલી, ચાકુ, જમવા માટે પથ્થર કે માટીનો વાડકો, લાકડાનો ચમચો, ગ્લાસ, નાહવા માટે બાલદી, શૌચક્રિયા માટે કમોડ, સાબુ (હાથની સ્વચ્છતા માટે) અને નહાવ માટે પથ્થર - આટલી ચીજ સાથે રાખવાની સૂચના તેમની રહેતી હતી.

એવું પણ ન હતું કે આ સ્થિતિ કોઈ ગામમાં પુરી વ્યવસ્થા ન હોય એટલા માટે રાખવામાં આવતી હોય, નોઆખલીના કોમી તોફાનોમાં બળી ગયેલા ઝૂંપડાઓની સ્થિતિમાં જયારે શાંતિ સ્થાપવા માટે ગાંધી દોડી ગયા હોય ત્યારે પણ સામાન તેમને આવી રીતે જ સાથે રહેતો હતો. તો ઘનશ્યામદાસ બિરલાના મહેલ જેવા ઘરમાં એ રોકાણ અર્થે જાય ત્યારે પણ બાપુનો સામાન સરંજામ આવો જ રહેતો હતો. કારણ એ પણ હતું કે બાપુને પોતાની જ ચીજો ઉપયોગમાં લેવાની ગમતી હતી.

આ ઉપરાંત બાપુની બીજી મહત્ત્વની ચીજવસ્તુઓ એટલે તેમની ઓફિસ કામની સામગ્રી. આ સામગ્રીમાં એક બગલથેલલો એવો રહેતો કે જેમાંથી ચબરખી પણ ગઈ તો પૂ. બાપુજીનું બધું કામ અટકી પડે. આ બગલથેલામાં પૂ. બાપુજીની ગીતા, રામાયણ, બાઈબલ, કુરાને શરીફ, ભજનાવલિ, ઉપરાંત વાઈસરોય કે જવાહરલાલ કે સરદાર જેવાના પત્રો પડ્યા હોય. ટપાલમાં આવેલ કાગળો, જેની પાછળી બાજુ જો લખનારે કોરી રાખી હોય તો એનો ઉપયોગ કરીને એવા કાગળ ઉપર જવાબો પણ કદાચ લખવાની શરૂ કરી દીધેલ પડ્યા હોત. આ કીમતી થેલાની ચિંતા મારા ઉપર હતી અને એમાંથી કંઈ પણ જો જાય તો એની જવાબદારી મારી હતી. તો પણ બાપુજી કહેતા કે, 'કાંઈ જશે તો તું તો છૂટી જશે, કં મારાથી છુટાશે ?' આ વાક્ય ઉપરથી બાપુજીને કેટલી કેટલી ચિંતા રહેતી તે સમજી શકાશે.

નિયમિત અને સંયમિત જીવન જીવતા બાપુમાં 'ચાલશે' એવું ચાલતું જ હતું.